
[A] નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)

1. નીચે આપેલ આલેખના કિસ્સામાં $p(x)$ નાં શૂન્યોની સંખ્યા શોધો.




➠ 3

2. $(\sqrt[3]{x})^3$ બહુપદી છે ?

➠ $x$ જે સુરેખ બહુપદી છે

3. જો $\alpha$ અને $\beta$ દ્વિઘાત બહુપદી $ax^2 + bx + c$ નાં શૂન્યો હોય તથા $\alpha$ અને $\beta$ વિરોધી સંખ્યાઓ હોય તો $a$ અને $b$નું મૂલ્ય કેટલું થશે ?

➠ જો $c > 0$ તો $a < 0$ હોય અને $c < 0$ તો $a > 0$ હોય

4. $\sqrt{2}x + 7$ કયા પ્રકારની બહુપદી છે ?

➠ સુરેખ બહુપદી

5. એક બહુપદીનો બીજી બહુપદી સાથે ભાગાકાર કરવા માટે ભાજ્ય બહુપદી $p(x)$ની ઘાત એ $g(x)$ની ઘાત કરતાં કેવી હોવી જોઈએ ?

➠ વધુ

6. જો દ્વિઘાત બહુપદી $p(x) = 6x^2 - 13x + 3k - 9$ નાં શૂન્યો પરસ્પર વ્યસ્ત હોય તો $k$ની કિંમત કેટલી મળે ?

➠ $k = 5$

7. ત્રિઘાત બહુપદીને વધુમાં વધુ કેટલાં વાસ્તવિક શૂન્યો મળે ?

➠ ત્રણ

8. $y = p(x)$નો આલેખ Y અક્ષને સમાંતર હોય તો આપેલ બહુપદીનાં શૂન્યોની સંખ્યા કેટલી મળે ?

➠ 1

9. દ્વિઘાત બહુપદી $p(x) = 3x^2 + 9x$ નાં શૂન્યોનો ગુણાકાર જણાવો.

➠ શૂન્યોનો ગુણાકાર $= \frac{c}{a} = \frac{0}{3} = 0$

10. જો કોઈ વાસ્તવિક સંખ્યા $a$ એ બહુપદી $p(x)$નું શૂન્ય હોય તો, અવયવ પ્રમેય મુજબ $p(x)$નો અવયવ કયો હોય ?

➠ $x - a$

11. $n$ ઘાતવાળી બહુપદીને મહત્તમ કેટલાં શૂન્યો હોય ?

➠ $n$

12. ત્રિઘાત બહુપદી $p(x) = x^3 - 4x$નો આલેખ X-અક્ષને કેટલા ભિન્ન બિંદુઓમાં છેદે ?

➠ 3

13. $p(x) = x^2 - 4$ના વાસ્તવિક શૂન્યોની સંખ્યા જણાવો.

➠ 2

14. $p(x) = 8x + 3$નો આલેખ કેવો મળશે ?

➠ $p(x) = 8x + 3$ એ સુરેખ બહુપદી હોવાથી તેનો આલેખ એક રેખા મળશે

15. $x^2 - 3x = 10$ના બીજનો ગુણાકાર કેટલો થાય ?

➠ $-10$

16. **ત્રિઘાત બહુપદીનાં ચલના સહગુણકોનો સરવાળો શૂન્ય હોય તો તેનો એક અવયવ કયો હોય ?**

➠ $x - 1$

17. **ખરાં છે કે ખોટાં તે જણાવો : $x^6 + 2x^3 + x - 1$ ને $x$ ની 5 ઘાતવાળી કોઈ બહુપદી વડે ભાગતાં ભાગફળ $x^2 - 1$ મળે.**

➠ ખોટું

18. **ખરાં છે કે ખોટાં તે જણાવો : જો બહુપદી $3x^3 + 14x^2 + 9x + m$ ને બહુપદી $3x + 5$ વડે નિઃશેષ ભાગી શકાતી હોય તો, $m = 10$ મળે.**

➠ ખોટું

19. **ખરાં છે કે ખોટાં તે જણાવો : જેનાં શૂન્યોનો સરવાળો –4 અને ગુણાકાર 3 હોય તેવી એક દ્વિઘાત બહુપદી $x^2 + 4x + 3$ મળે.**

➠ ખરું

20. **ખરાં છે કે ખોટાં તે જણાવો : $x^2 + 2\sqrt{2}\ x - 6$નાં શૂન્યો $\sqrt{2}, 3\sqrt{2}$ મળે.**

➠ ખોટું

21. **ખરાં છે કે ખોટાં તે જણાવો : $p(x) = x^2 - 10x + 16$નાં શૂન્યોની સંખ્યા ઋણ મળે.**

➠ ખોટું

22. **ખરાં છે કે ખોટાં તે જણાવો : જો કોઈ બહુપદીનાં આલેખ મુજબ X-અક્ષને ફક્ત એક જ બિંદુમાં છેદે તો તે બહુપદી દ્વિઘાત બહુપદી ન હોઈ શકે.**

➠ ખોટું

23. **ખરાં છે કે ખોટાં તે જણાવો : 2 એ $p(x) = x^2 - 6x + 8$ નું એક શૂન્ય છે.**

➠ ખોટું

24. **ખરાં છે કે ખોટાં તે જણાવો : જો 3 એ $p(x) = x^2 - 11x + k$ નું એક શૂન્ય હોય તો $k = 24$**

➠ ખરું

25. **ખરાં છે કે ખોટાં તે જણાવો : ત્રિઘાત બહુપદી $p(x) = x^3 + 5x^2 - 2x - 24$નાં શૂન્યોનો ગુણાકાર –24 છે.**

➠ ખોટું

26. **ખાલી જગ્યા પૂરો : જો $\alpha$ અને $\beta$ એ બહુપદી $x^2 + x - \frac{1}{2}$નાં શૂન્યો હોય તો $\frac{1}{\alpha} + \frac{1}{\beta}$ = ..........**

➠ 2

27. **ખાલી જગ્યા પૂરો : એક દ્વિઘાત બહુપદીનાં શૂન્યો $-\sqrt{5}$ અને $\sqrt{5}$ હોય તો $p(x)$ = ..........**

➠ $x^2 - 5$

28. **ખાલી જગ્યા પૂરો : જો $a > 0$ તો દ્વિઘાત બહુપદી $p(x) = ax^2 + bx + c$ નો આલેખ .......... મળે.**

➠ ઉપરની તરફ ખુલ્લો વક્ર ∪ (પરવલય)

29. **ખાલી જગ્યા પૂરો : બહુપદી $x^3 + 2x^2 - x - 2$ માટે $p(1) + p(-1)$ની કિંમત .......... છે.**

➠ 0

30. **ખાલી જગ્યા પૂરો : સુરેખ બહુપદી $p(x) = 7x - 3$નું શૂન્ય .......... છે.**

➠ $\frac{3}{7}$

31. **ખાલી જગ્યા પૂરો : જો દ્વિઘાત બહુપદી $p(y) = y^2 + (m + 3)\ y + (m - 5)$ નાં શૂન્યોનો ગુણાકાર અને શૂન્યોનો સરવાળો સમાન હોય તો, $m$ = ..........**

➠ 1

32. **ખાલી જગ્યા પૂરો : $p(x) = x^3 + 7x^2 - 36$નાં શૂન્યોના વ્યસ્તનો સરવાળો .......... થાય.**

➠ 0

**33. ખાલી જગ્યા પૂરો : એક બહુપદીનાં બંને શૂન્યોનો સરવાળો શૂન્ય છે તથા એક શૂન્ય 3 છે તો તે બહુપદી .......... છે.**

➠ $x^2 - 9$

**34. ખાલી જગ્યા પૂરો : જો $\alpha$ અને $\beta$ બહુપદી $p(x) = x^2 - 3x + 2m$ ના શૂન્યો છે. તથા $\alpha + \beta = \alpha\beta$ હોય તો $m$ નું મૂલ્ય .......... છે.**


➠ $m = \frac{3}{2}$

**35. ખાલી જગ્યા પૂરો : ત્રિઘાત બહુપદી $3x^3 - 4x^2 + 12$ ને $x - 2$ વડે ભાગતાં શેષ .......... મળે.**

➠ 20

**[A] નીચે આપેલા ૪ જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો ૧ ગુણ)**

**1. નીચે આપેલ બહુપદી $p(x)$ના આલેખ મુજબ 0 ને 4 વચ્ચે રહેલાં શૂન્યોની સંખ્યા .......... છે.**




(A) 3 (B) 6 (C) 2 (D) 4

**Ans. (C)**

**2. $a = -3, b = 5, c = 7, d = 1$થી મળતી પ્રમાણિત ત્રિઘાત બહુપદી ....... છે.**

(A) $-3x^3 + 5x^2 - 7x - 1$ (B) $-3x^3 + 5x^2 + 7x + 1$ (C) $x^3 - 5x^2 + 7x + 1$ (D) $-3x^3 - 5x^2 + 7x + 1$

**Ans. (B)**

**3. જો $p(x) = \frac{1}{2}x^3 - 5x^2 - 11x - 3$નાં શૂન્યો β અને γ હોય તો $\alpha + \beta + \gamma = $ .......**

(A) $-\frac{5}{2}$ (B) $\frac{5}{2}$ (C) 10 (D) –10

**Ans. (C)**

**4. જો $2x^2 + 3x + 1 = (x + 2)(2x - 1) + m$ તો $m = $ .......**

(A) 3 (B) –3 (C) 2 (D) 0

**Ans. (A)**

**5. જો $p(x) = 3x^3 + x^2 + 5x + 1$ તો $d = $ .......**

(A) 3 (B) 5 (C) 1 (D) 0


**Ans. (C)**

**6. બહુપદી $x^2 + 99x + 127$ ના બંને શૂન્યોની સંજ્ઞા ....... છે.**

(A) ધન (B) ઋણ (C) સમાન (D) વિરોધી

**Ans. (B)**

**7. નીચે આપેલ બહુપદીના આલેખ મુજબ $p(x)$ના –1 અને +1 વચ્ચે રહેલાં શૂન્યોની સંખ્યા ....... છે.**




(A) 0 (B) 2 (C) 1 (D) 3

**Ans. (A)**

**8. દ્વિઘાત બહુપદી $x^2 + 2x - 15$નાં શૂન્યો જણાવો.**

(A) 3 અને 5 (B) –3 અને –5 (C) 3 અને –5 (D) –3 અને 5

**Ans. (C)**

**9. જો $\alpha$, $\beta$ અને $\gamma$ એ ત્રિઘાત બહુપદી $ax^3 + bx^2 + cx + d$ નાં શૂન્યો હોય, તો $\frac{1}{\alpha\beta} + \frac{1}{\beta\gamma} + \frac{1}{\gamma\alpha} =$**

(A) $\frac{b}{d}$ (B) $\frac{d}{b}$ (C) $\frac{c}{d}$ (D) $-\frac{c}{d}$

**Ans. (A)**

**10. ચાર ઘાતવાળી બહુપદીને દ્વિઘાત બહુપદી વડે ભાગવામાં આવે તો મળતી શેષ બહુપદીની ઘાત ....... હોય.**

(A) 1 (B) 2 (C) 3 (D) 4

**Ans. (A)**